RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 349 * Date: 09.10.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-



## તંત્રી સ્થાનેથી..

## ૩૪ ટકા વધારા સાથે નવરાત્રીમાં વાહનોનું અત્યાર સુધીનું રેકોર્ડ વેચાણ

ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં કપાતને કારણે વર્તમાન વર્ષની નવરાત્રીના ગાળામાં વાહનોના વેચાણમાં ૩૪ ટકાનો અત્યારસુધીનો વિક્રમી વધારો રહ્યો છે. સંપૂર્ણ સપ્ટેમ્બરમાં ઊતારૂ વાહનોના વેચાણમાં વાર્ષિક ધોરણે ૫.૮૦ ટકા વધારો થયો છે. ગત મહિનાના પ્રથમ ત્રણ સપ્તાહમાં વેચાણ મંદ રહ્યું હતું પરંતુ ૨૨ સપ્ટેમ્બરથી નવરાત્રી પ્રારંભ થવા સાથે વેચાણમાં વધારો જોવા મળ્યો છે, એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશનના (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું. જીએસટીમાં કપાત બાદ ઊતારૂ વાહનોનું વેચાણ ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ ૫.૮૦ ટકા વધી ૨,૯૯,૩૬૯ વાહનો રહ્યું હતું. એકંદર ઓટો વેચાણ વાર્ષિક ધોરણે ૫.૨૦ ટકા વધ્યું હોવાનું પણ ફાડા દ્વારા જાહેર કરાયેલા ડેટા જણાવે છે.

ગયા મહિને ટુ વ્હીલર્સના વેચાણમાં ૬.૫૦ ટકા, ટ્રેકટર્સના વેચાણમાં ૩.૬૦ ટકા અને કમર્સિઅલ વાહનોના વેચાણમાં ૨.૬૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે. જો કે થ્રી વ્હીલર્સ તથા બાંધકામ ઈક્વિપમેન્ટ સેગમેન્ટસનું વેચાણ અનુક્રમે ૭.૨૦ ટકા અને ૧૯ ટકા નીચુ રહ્યું છે. માત્ર નવરાત્રીના તહેવાર દરમિયાનના વેચાણમાં વાર્ષિક ધોરણે ૩૪ ટકા વધારો થયો છે જે કોઈ નવરાત્રીનો અત્યારસુધીનો રેકોર્ડ છે, એમ ફાડાના વાઈસ-પ્રેસિડેન્ટ સાઈ ગીરીધરે જણાવ્યું હતું. ૨૨ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબરના નવરાત્રીના સમયગાળા દરમિયાન એકંદરે ૧૧.૫૦ લાખ વાહનો વેચાયા છે જે ગયા વર્ષની નવરાત્રીમાં ૮.૬૩ લાખ વેચાયા હતા. નવરાત્રીના પ્રારંભ એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી જીએસટીમાં કપાત આવવાની હોવાથી સપ્ટેમ્બરના પ્રથમ ત્રણ સપ્તાહમાં વેચાણ મંદ રહ્યું હતું, પરંતુ અંતિમ સપ્તાહમાં ગણિતો બદલાઈ ગયા હતા અને વેચાણમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો એમ તેમણે જણાવ્યું હતું. માગમાં વધારાને કારણે ડીલરોને તેમનો સ્ટોક ઘટાડવામાં મદદ મળી હતી. વેરામાં કપાત અને તહેવાર બને સાથોસાથ આવતા વાહનો માટે પૂછપરછ અને બુકિંગ્સમાં વધારો થયો હતો. ઊતારૂ વાહનોના સ્ટોક વધી હાલમાં ૬૦ દિવસ આસપાસ પહોંચી ગયો છે જે ડીલરો દિવાળીમાં પણ વેચાણમાં વધારો જોવા મળવાની અપેક્ષા રાખતા હોવાના સંકેત આપે છે. નવરાત્રી બાદ હવે દિવાળીમાં પણ વેચાણ આંક આકર્ષક રહેવાની અપેક્ષા હોવાનું શ્રી. ગીરીધરે વધુમાં જણાવ્યું હતું.

# બિટકોઈન સેન્ટ્રલ બેંકોની બેલેન્સશીટ પર દેખાશે




અમદાવાદ : વિશ્વભરમાં વધતા ભૂ-રાજકીય તણાવ, સરકારી નીતિઓ અંગે અનિશ્ચિતતા અને યુએસ શટડાઉન વચ્ચે, સોના, ચાંદી અને બિટકોઈન બધાના ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. આનાથી ફરી એકવાર રોકાણકારો અને નીતિ નિર્માતાઓનું ધ્યાન આ સંપત્તિઓ તરફ ખેંચાયું છે. ડોઈશ બેંકના એક અહેવાલમાં જણાવાયું છે કે જ્યારે સોનું અનામત સંપત્તિ તરીકે તેની અગ્રણી ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે, ત્યારે આગામી વર્ષોમાં બિટકોઈન સેન્ટ્રલ બેંકોની બેલેન્સ શીટ પર પણ દેખાશે. બેંકનો અંદાજ છે કે ૨૦30 સુધીમાં ઘણા દેશોના સત્તાવાર અનામતમાં બિટકોઈનનો સમાવેશ થઈ શકે છે. ડોઈશ બેંક રિસર્ચ ઈન્સ્ટિટયૂટના અહેવાલ મુજબ, કેલેન્ડર વર્ષ ૨૦૨૫ સોના અને બિટકોઈન બંને માટે એક અપવાદરૂપ વર્ષ સાબિત થઈ રહ્યું છે. બેંક જણાવે છે કે ડોલરની નબળાઈ, વધતી જતી ભૂરાજકીય અને ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતાઓ અને યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓ અંગેના પ્રશ્નોએ બંને સંપત્તિ વર્ગોને મજબૂત બનાવ્યા છે. અહેવાલ મુજબ, જ્યારે પરંપરાગત ચલણોમાં વિશ્વાસ ઘટે છે, ત્યારે રોકાણકારો વૈકલ્પિક સંપત્તિઓ તરફ વળે છે જેમ કે સોનું અને હવે બિટકોઈન.ડોઈશ બેંક માને છે કે માર્ચ ૨૦૨૫માં ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા યુએસ સ્ટ્રેટેજિક રિઝર્વ સ્થાપિત કરવાના નિર્ણયથી બિટકોઈનને અનામત સંપત્તિ તરીકે સમાવી શકાય કે કેમ તે અંગે ચર્ચાઓ વધુ તીવ્ર બની છે. પરંપરાગત રીતે, કેન્દ્રીય બેંકો તેમના અનામતમાં સોનું અને ડોલર અથવા યુરો જેવા સુરક્ષિત ચલણો રાખે છે. જો કે, વધતી જતી ફુગાવા, ભૂ-રાજકીય અસ્થિરતા અને ક્રિપ્ટો નિયમનના પ્રવેગને કારણે ઘણા દેશો તેમના અનામત માળખા પર પુનર્વિચાર કરી રહ્યા છે.આનું કારણ એ છે કે બિટકોઈન અને સોનું બંને મર્યાદિત પુરવઠાવાળી સંપત્તિ છે. વધુમાં, તેઓ શેરબજાર જેવી અન્ય સંપત્તિઓ સાથે સંબંધિત નથી, તેથી બાકીના બજાર ઘટે ત્યારે પણ તેમના ભાવ ઘણીવાર સ્થિર રહે છે. જોકે, ડોઈશ બેંક જણાવે છે કે સોનું કે બિટકોઈન યુએસ ડોલરનું સ્થાન લઈ શકે નહીં, કારણ કે ડોલર વિશ્વનું સૌથી વ્યાપક અને વિશ્વસનીય ચલણ છે. ૨૦૨૫નું વર્ષ અત્યાર સુધી કોમોડિટી બજાર માટે ઉત્તમ સાબિત થઈ રહ્યું છે. આ વર્ષે કોમોડિટીઝે શેરબજાર કરતાં વધુ સારુ પ્રદર્શન કર્યું છે. ચાંદીના ભાવમાં આશરે ૬૬.૮%નો વધારો થયો છે, જ્યારે સોનામાં અત્યાર સુધીમાં ૪૮%થી વધુનો વધારો થયો છે. દરમિયાન, વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી, બિટકોઈનમાં પણ ૩૧.૮%નો મજબૂત ઉછાળો નોંધાયો છે, જેના કારણે તેની કિંમત ૧૨૫,૦૦૦ ડોલરથી ઉપર પહોંચી ગઈ હતી.સપ્તાહના સતત બીજા દિવસે મુખ્ય ક્રિપ્ટો કરન્સી બિટકોઈનમાં આગેકૂચ જારી રહી હતી અને ૧,૨૬,૦૦૦ ડોલરને પાર કરી નવી ઊંચી સપાટી દર્શાવી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન ઉપરમાં ૧,૨૬,૧૯૮ ડોલર જોવાયો હતો જ્યારે નીચામાં ૧,૨૩,૫૨૪ ડોલર થઈ મોડી સાંજે ૧,૨૪,૧૧૯ ડોલર મુકાતો હતો. સતત સંસ્થાકીય ઈન્ફ્લોસ તથા અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા ટેકારૂપ સંકેતો આવવાની શકયતાએ રોકાણકારોનો આશાવાદ વધી રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકના ઉછાળાને પગલે ક્રિપ્ટો કરન્સીઝની એકંદર માર્કેટ કેપ ૪.૨૭ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ હતી. માત્ર બિટકોઈન જ નહીં પરંતુ અન્ય ક્રિપ્ટો એથરમ, બીએનબી વગેરેમાં પણ નવી ઊંચી સપાટી જોવા મળી છે. એથરમનો ભાવ ૪૭૦૦ ડોલરને પાર કરી ગયો હતો જ્યારે બીએનબી ૧૨૦૦ ડોલરથી ઉપર નવી ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો છે.

## ૩૪ ટકા વધારા સાથે નવરાત્રીમાં વાહનોનું અત્યાર સુધીનું રેકોર્ડ વેચાણ



મુંબઈ : ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં કપાતને કારણે વર્તમાન વર્ષની નવરાત્રીના ગાળામાં વાહનોના વેચાણમાં ૩૪ ટકાનો અત્યારસુધીનો વિક્રમી વધારો રહ્યો છે. સંપૂર્ણ સપ્ટેમ્બરમાં ઊતારૂ વાહનોના વેચાણમાં વાર્ષિક ધોરણે ૫.૮૦ ટકા વધારો થયો છે. ગત મહિનાના પ્રથમ ત્રણ સપ્તાહમાં વેચાણ મંદ રહ્યું હતું પરંતુ ૨૨ સપ્ટેમ્બરથી નવરાત્રી પ્રારંભ થવા સાથે વેચાણમાં વધારો જોવા મળ્યો છે, એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશનના (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું. જીએસટીમાં કપાત બાદ ઊતારૂ વાહનોનું વેચાણ ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ ૫.૮૦ ટકા વધી ૨,૯૯,૩૬૯ વાહનો રહ્યું હતું. એકંદર ઓટો વેચાણ વાર્ષિક ધોરણે ૫.૨૦ ટકા વધ્યું હોવાનું પણ ફાડા દ્વારા જાહેર કરાયેલા ડેટા જણાવે છે. ગયા મહિને ટુ વ્હીલર્સના વેચાણમાં ૬.૫૦ ટકા, ટ્રેકટર્સના વેચાણમાં ૩.૬૦ ટકા અને કમર્સિઅલ વાહનોના વેચાણમાં ૨.૬૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે. જો કે થ્રી વ્હીલર્સ તથા બાંધકામ ઈક્વિપમેન્ટ સેગમેન્ટસનું વેચાણ અનુક્રમે ૭.૨૦ ટકા અને ૧૯ ટકા નીચુ રહ્યું છે. માત્ર નવરાત્રીના તહેવાર દરમિયાનના વેચાણમાં વાર્ષિક ધોરણે ૩૪ ટકા વધારો થયો છે જે કોઈ નવરાત્રીનો અત્યારસુધીનો રેકોર્ડ છે, એમ ફાડાના વાઈસ-પ્રેસિડેન્ટ સાઈ ગીરીધરે જણાવ્યું હતું. ૨૨ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબરના નવરાત્રીના સમયગાળા દરમિયાન એકંદરે ૧૧.૫૦ લાખ વાહનો વેચાયા છે જે ગયા વર્ષની નવરાત્રીમાં ૮.૬૩ લાખ વેચાયા હતા. નવરાત્રીના પ્રારંભ એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી જીએસટીમાં કપાત આવવાની હોવાથી સપ્ટેમ્બરના પ્રથમ ત્રણ સપ્તાહમાં વેચાણ મંદ રહ્યું હતું, પરંતુ અંતિમ સપ્તાહમાં ગણિતો બદલાઈ ગયા હતા અને વેચાણમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો એમ તેમણે જણાવ્યું હતું. માગમાં વધારાને કારણે ડીલરોને તેમનો સ્ટોક ઘટાડવામાં મદદ મળી હતી. વેરામાં કપાત અને તહેવાર બને સાથોસાથ આવતા વાહનો માટે પૂછપરછ અને બુકિંગ્સમાં વધારો થયો હતો.

# રાજસ્થાનમાં મોટી દુર્ઘટના, ગાયને બચાવવા જતાં માલગાડીના ૩૬ ડબા પાટા પરથી ઉતરી ગયા

રાજસ્થાનના સીકરના શ્રીમાધોપુર વિસ્તારમાં એક ગંભીર દુર્ઘટનાના સમાચાર છે. શ્રીમાધોપુર ન્યૂ રેલવે સ્ટેશન નજીક, ફુલેરાથી રેવાડી જતી માલગાડીના ૩૬ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માતમાં ઘણા ડબ્બાઓ એકબીજા પર ચઢી જતાં, રેલવે ટ્રેક સંપૂર્ણપણે બંધ થઈ ગયો. રેલવે અધિકારીઓ અને પોલીસની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

રેલવે કર્મચારીઓ હાલમાં ડબ્બાઓને હટાવવાનું કામ કરી રહ્યા છે, જેના કારણે આ ટ્રેક પર હાલમાં ટ્રેન અવરજવર બંધ છે. રેલવે પ્રશાસને મુસાફરો અને સ્થાનિકોને ટ્રેક પર ન જવાની અને અધિકારીઓના નિર્દેશોનું પાલન કરવાની વિનંતી કરી છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ, જાનહાનિના કોઈ સમાચાર નથી. દુર્ઘટનાના કારણ અને ડબ્બાઓના નુકસાનનું આંકલન હજી ચાલુ છે.



દુર્ઘટનાની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને તકનીકી ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે ધસી ગયા. આખી રાત રાહત અને બચાવ કામગીરી ચાલુ રહી, જેમાં રેલવે કર્મચારીઓએ પાટા પરથી ઉતરેલા ડબ્બાઓને હટાવવા માટે ક્રેન અને ભારે મશીનરીનો ઉપયોગ કર્યો. સંતોષની વાત એ છે કે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે દુર્ઘટનાના ચોક્કસ કારણોની તપાસ હજુ ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કારણ જાણી શકાયું નથી. આ દુર્ઘટનાના પરિણામે, રીંગસ-શ્રીમાધોપુર કોરિડોર પરનો રેલ વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. ઘણી ટ્રેનોનું સંચાલન રદ કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય કેટલીકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવી છે. રેલવે અધિકારીઓએ માહિતી આપી છે કે કાટમાળ હટાવવામાં કેટલાક કલાકોનો સમય લાગી શકે છે, જેના પછી જ સમારકામનું કામ શરૂ થઈ શકશે. સ્થાનિક પ્રશાસન પણ ઘટનાસ્થળે હાજર રહીને સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

સીકર-શ્રીમાધોપુર દુર્ઘટનામાં માલગાડીના કુલ ૩૬ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે અને તેમાંથી મોટાભાગનાને નુકસાન થયું છે. કેટલાક ડબ્બાઓમાં ચોખા ભરેલા હતા, જેને હાલમાં ખાલી કરવામાં આવી રહ્યા છે. દિલ્હી-મુંબઈ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સંપૂર્ણપણે બંધ છે અને ડબ્બાઓ હટાવવાનું કામ ચાલુ છે.ઉત્તર પશ્ચિમ રેલવે (દ્રઉઇ)ના જયપુર ઝોનના ડિવિઝનલ રેલવે મેનેજર (દ્વઇસ) રવિ જૈન અને દિલ્હી-મુંબઈ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના મેનેજર પ્રવીણ કુમારે જણાવ્યું કે રાહત અને સમારકામનું કાર્ય ચાલુ છે. તેમણે પ્રવાસીઓ અને નાગરિકોને અપીલ કરી છે કે તેઓ અફવાઓ પર ધ્યાન ન આપે અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ કરે. જોકે કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ગાયને બચાવવા જતાં ટ્રેન પાઈલટે બ્રેક લગાવી હોવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

# રેલવે મુસાફરો માટે સારા સમાચાર, હવે ઘરે બેઠાં કન્ફર્મ ટિકિટમાં યાત્રાની તારીખ બદલી શકાશે, ચાર્જ નહીં લાગે

ભારતીય રેલવે પ્રવાસીઓ માટે એક મોટો સુધાર લઈને આવી રહ્યું છે, જેના કારણે હવે કન્ફર્મ રેલવે ટિકિટની તારીખ બદલવાની સુવિધા મળી રહેશે. આ ફેરફારનો સૌથી મોટો ફાયદોએ છે કે ટિકિટની તારીખ બદલવાથી પ્રવાસીઓ પાસેથી કેન્સલેશન ચાર્જ લેવામાં આવશે નહી.એટલે કે, જો કોઈ કારણસર તમારી ૨૦ નવેમ્બરની અમદાવાદની કન્ફર્મ ટિકિટનો પ્રવાસ ૫ દિવસ લંબાય, તો નવી ટિકિટ બુક કરાવવાની જરૂર નથી. તમે ૨૦ નવેમ્બરની તમારી કન્ફર્મ ટિકિટને ઓનલાઈન રિ-શેડ્યુલ કરીને ૨૫ નવેમ્બરના રોજ અમદાવાદ જઈ શકશો.



વર્તમાન વ્યવસ્થામાં ટૂર પ્લાન બદલાતા તમારે તમારી ટિકિટ રદ કરાવવી પડે છે અને પછી મુસાફરીની આગામી તારીખ માટે નવેસરથી ટિકિટ બુક કરાવવી પડે છે. આમાં, ટિકિટ રદ કરાવવાના પૈસા કપાઈ જાય છે. સાથે જ, આગામી તારીખે કન્ફર્મ ટિકિટ મળી જ જાય તેની પણ કોઈ ગેરંટી હોતી નથી.ભારતીય રેલવે કન્ફર્મ ટિકિટની રિ-શેડ્યુલિંગ (મુસાફરીની તારીખ બદલવા) માટે મોટો ફેરફાર કરી રહ્યું છે, જેનાથી પ્રવાસીઓને મોટી રાહત મળશે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યા મુજબ, હવે કન્ફર્મ ટિકિટની મુસાફરીની તારીખ ઓનલાઈન બદલવા પર પૈસા કપાશે નહી કે કોઈ ચાર્જ લાગશે નહી.વર્તમાન વ્યવસ્થા યોગ્ય ન હોવાનું સ્વીકારતા તેમણે કહ્યું કે, હાલમાં ટિકિટ રદ કરીને તારીખ બદલવી પડે છે, જેમાં પ્રવાસીઓના ઘણા પૈસા કપાઈ જાય છે. આથી પ્રવાસીઓના હિતમાં આ ફેરફારો કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ જાહેરાત કરી કે જાન્યુઆરી ૨૦૨૬થી ઓનલાઈન ટિકિટની મુસાફરીની તારીખ બદલી શકાશે. જોકે, તારીખ બદલવા છતાં કન્ફર્મ ટિકિટના બદલે કન્ફર્મ ટિકિટ મળવાની ગેરંટી નહીં હોય. ટિકિટ ઉપલબ્ધતાના આધારે મળશે. જો નવા પ્રવાસના ભાડામાં કોઈ તફાવત હશે, તો તે રકમ પ્રવાસીએ ચૂકવવી પડશે. આ નિર્ણય લાખો પ્રવાસીઓને મોટી રાહત આપશે, જેઓ હાલમાં તારીખ બદલવા બદલ મોટી કેન્સલેશન ફી ચૂકવે છે.

# ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર ક્વોન્ટમ સંશોધન માટે જોન ક્લાર્ક, મિશેલ એચ ડેવોરેટ અને જોન એમ માર્ટિનિસને આપવામાં આવ્યો

સ્ટોકહોમ,

યુ.એસ. સ્થિત વૈજ્ઞાનિકો જોન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જોન માર્ટિનિસને ×ક્વોન્ટમ ફિઝિક્સને ક્રિયામાં પ્રગટ કરનારા પ્રયોગો× માટે ૨૦૨૫ નો નોબેલ પુરસ્કાર મળ્યો, જે ડિજિટલ ટેકનોલોજીની આગામી પેઢીના વિકાસ માટે માર્ગ મોકળો કરે છે.

×મારી લાગણી એવી છે કે હું સંપૂર્ણપણે સ્તબ્ધ છું. અલબત્ત, મને ક્યારેય એવું લાગ્યું ન હતું કે આ નોબેલ પુરસ્કારનો આધાર હોઈ શકે છે,× ક્લાર્કે મંગળવારે ટેલિફોન દ્વારા નોબેલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું.

×હું મારા સેલ ફોન પર બોલી રહ્યો છું અને મને શંકા છે કે તમે પણ છો, અને સેલ ફોન કામ કરે છે તેનું એક મૂળ કારણ આ બધા કાર્ય છે.×

ક્વોન્ટમ મિકેનિક્સના સદી જૂના ક્ષેત્રમાં ‘નવા આશ્ચર્ય‘

ક્વોન્ટમ યાંત્રિક વર્તણૂકોનો અભ્યાસ અતિ નાના - અણુઓ અને ઉપ-પરમાણુ કણો - ના સ્તરે કરવામાં આવે છે, પરંતુ શાસ્ત્રીય ભૌતિકશાસ્ત્ર અને તેના ઘણા મોટા પાયે સરખામણીમાં ઘણીવાર વિચિત્ર અને અસ્પષ્ટ તરીકે જોવામાં આવે છે.

નોબેલ વિજેતાઓએ ૧૯૮૦ ના દાયકાના મધ્યમાં સુપરકન્ડક્ટર્સથી બનેલા ઈલેક્ટ્રોનિક સર્કિટ સાથે પ્રયોગો કર્યા હતા અને દર્શાવ્યું હતું કે ક્વોન્ટમ મિકેનિક્સ ચોક્કસ પરિસ્થિતિઓમાં રોજિંદા વસ્તુઓને પણ પ્રભાવિત કરી શકે છે.

×સદીઓ જૂની ક્વોન્ટમ મિકેનિક્સ સતત નવા આશ્ચર્યો રજૂ કરે છે તે રીતે ઉજવણી કરી શકવી અદ્ભુત છે. તે ખૂબ જ ઉપયોગી પણ છે, કારણ કે ક્વોન્ટમ મિકેનિક્સ એ બધી ડિજિટલ ટેકનોલોજીનો પાયો છે,× નોબેલ કમિટી ફોર ફિઝિક્સના અધ્યક્ષ ઓલે એરિક્સને જણાવ્યું હતું.

ક્વોન્ટમ ટેકનોલોજી પહેલાથી જ સર્વવ્યાપી છે, કમ્પ્યુટર માઈક્રોચિપ્સમાં ટ્રાન્ઝિસ્ટર રોજિંદા ઉદાહરણ છે.

×આ વર્ષના ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કારે ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી, ક્વોન્ટમ કમ્પ્યુટર્સ અને ક્વોન્ટમ સેન્સર સહિત ક્વોન્ટમ ટેકનોલોજીની આગામી પેઢી વિકસાવવા માટે તકો પૂરી પાડી છે,× રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસ, જે ઈનામ એનાયત કરે છે, એ એક નિવેદનમાં જણાવ્યું હતું.

બે વિજેતા ટ્રાયોની ધ્ન્ઈ સાથે લિંક્સ છે

બ્રિટિશ-જન્મેલા ક્લાર્ક યુનાઈટેડ સ્ટેટ્સમાં કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલેમાં પ્રોફેસર છે.

ફ્રાન્સમાં જન્મેલા ડેવોરેટ, યેલ યુનિવર્સિટી અને કેલિફોર્નિયા યુનિવર્સિટી, સાન્ટા બાર્બરા, યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રોફેસર છે, જ્યાં માર્ટિનિસ પણ પ્રોફેસર છે.અમેરિકન માર્ટિનિસ ૨૦૨૦ સુધી ગૂગલની ક્વોન્ટમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબના વડા હતા. ગૂગલમાં, માર્ટિનિસ એ સંશોધન ટીમનો ભાગ હતા જેમણે ૨૦૧૯ માં કહ્યું હતું કે તેઓએ ×ક્વોન્ટમ સર્વોપરિતા× પ્રાપ્ત કરી છે, જેમાં સબ-એટોમિક કણોના ગુણધર્મોનો ઉપયોગ કરતા કમ્પ્યુટરે વિશ્વના સૌથી શક્તિશાળી સુપર કમ્પ્યુટર કરતાં સમસ્યાનું નિરાકરણ લાવવાનું વધુ સારું કામ કર્યું હતું.

ડેવોરેટ, તેમના પ્રોફેસરશિપ ઉપરાંત, ગૂગલ ક્વોન્ટમ છૈં ના મુખ્ય વૈજ્ઞાનિક પણ છે.આ અઠવાડિયે ભૌતિકશાસ્ત્રનું બીજું નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યું

નોબેલ ભૌતિકશાસ્ત્ર પુરસ્કાર રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સ દ્વારા એનાયત કરવામાં આવે છે અને તેમાં કુલ ૧૧ મિલિયન સ્વીડિશ ક્રાઉન (ઇં૧.૨ મિલિયન) ની ઈનામ રકમનો સમાવેશ થાય છે જે વિજેતાઓ વચ્ચે વહેંચવામાં આવે છે, જેમ કે ઘણીવાર થાય છે.નોબેલ પુરસ્કારો આલ્ફ્રેડ નોબેલની વસિયતનામા દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેમણે ડાયનામાઈટની શોધથી સંપત્તિ એકઠી કરી હતી. ૧૯૦૧ થી, ક્યારેક ક્યારેક વિક્ષેપો સાથે, પુરસ્કારો વાર્ષિક ધોરણે વિજ્ઞાન, સાહિત્ય અને શાંતિમાં સિદ્ધિઓને માન્યતા આપે છે. અર્થશાસ્ત્ર પછીથી ઉમેરવામાં આવ્યું હતું.નોબેલના વસિયતનામામાં ભૌતિકશાસ્ત્રનો ઉલ્લેખ કરાયેલો પહેલો વર્ગ હતો, જે કદાચ તેમના સમય દરમિયાન આ ક્ષેત્રની પ્રાધાન્યતાને પ્રતિબિંબિત કરે છે. આજે, ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર વ્યાપકપણે આ વિષયમાં સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર તરીકે ગણવામાં આવે છે.

નોબેલ ભૌતિકશાસ્ત્ર પુરસ્કારના ભૂતકાળના વિજેતાઓમાં વિજ્ઞાનના ઈતિહાસમાં કેટલાક સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓનો સમાવેશ થાય છે, જેમ કે આલ્બર્ટ આઈન્સ્ટાઈન, પિયર અને મેરી ક્યુરી, મેક્સ પ્લાક્ર અને નીલ્સ બોહર, જે પોતે ક્વોન્ટમ સિદ્ધાંતના પ્રણેતા હતા.





ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




### NG: NOG SS NO-195

વિષય:- ચહેરા ની પરિભાષા
શીર્ષક:- સમજવી મુશ્કેલ
પ્રકાર:- પદ્ય અછાંદસ
શબ્દો:- ૭૭

ચહેરાની પરિભાષા સમજવી છે મુશ્કેલ,
ભીતરની એક ભાષા સમજવી છે મુશ્કેલ.

શબ્દ, નિ:શબ્દ એતો નયન કહી જાય છે,
અંતરની અભિલાષા સમજવી છે મુશ્કેલ.

તણખલા જેવું તન મહેરામણ જેવું મન,
હૈયા તણી હતાશા સમજવી છે મુશ્કેલ.

ચેહરો છે ચોકી પહેરો પંડ તણું પ્રતિબિંબ,
નજર ની નિરાશા સમજવી છે મુશ્કેલ.

વિચારો વર્તાય છે વદનનાં આ વમળ માં,
દિલ તણી એ દુર્દશા સમજવી છે મુશ્કેલ.

માણસ ના સમજાયો માણસથી મલકમાં,
આયખાની એ આશા સમજવી છે મુશ્કેલ.

અમૃત શ્રીમાળી
મહેસાણા

### NG: NOGSS: 168

વિષય: ચહેરા ની પરિભાષા
શીર્ષક: મુખડા દેખ તેરા દર્પણ મેં
પ્રકાર: પદ્ય સંખ્યા: ૧૧૫

તારાં ચેહરા નાં કેટલાં રાજ છે,
તારાં ચેહરા નાં રંગ અનેક છે.

તારાં ચહેરામાં કેટલી માસુમિયત છે,
તારી માસુમિયત માં લોકો ફસાય છે.

તને ઓળખવો ખુબ મુશ્કેલ છે,
ક્યારે, તું રંગ બદલી દે કાચંડાની જેમ ?

કહેવાય નહીં ઓળખાય નહીં ....
તારાં ચહેરાની પરિભાષા અનેક છે.

તારા ચહેરામાં જ તારી ભાષા છે ,
તારી ભાષામાં જ તારું ચરિત્ર છે.

તારાં ચહેરામાં જે તારી બે આંખો છે
તારી આંખો જ તારી ઓળખાણ છે

તારો ચહેરો જ તારુ સાચું દર્પણ છે,
એ દર્પણમાં તું , તુજને જ ઓળખી શકે.

તું અજબ ગજબ નો માનવી છું !!
તું કેટલો સાચો છું !? તું કેટલો જૂઠો છું !?

એ તો રામ જાણે અને તું જાણે...
તારા ચહેરાની પરિભાષા અનેક છે.

ડો કનૈયાલાલ માલી ’ઉત્સવ’
આધ્યાત્મિક લેખક
અમદાવાદ

### NG: NOGSS no. 181

વિષય: ચહેરાની પરિભાષા
પ્રકાર: પદ્ય
શબ્દ: ૧૨૦
શીર્ષક: "ચહેરાનો ચહેરો"

ચહેરાની દુનિયામાં સ્વાગત છે તમારું,
અજાણ્યા શખ્સોમાં કોઈ જાણીતું અમારું..

ચહેરાની તમને અસલી ઓળખાણ કરાવું,
આ ચહેરા પરથી જામેલું મહોરું ઉતારું..

ચહેરો એમ તો ઓળખ છે આપણી,
પણ ચહેરા ઉપરની નકામી લાગે લાગણી ..

જોઈને ચહેરો નામ યાદ આવે,
ચહેરાના ભાવ થી કામ યાદ આવે..

ચહેરો ચાડી ખાય એની લાગણીનો અભાવ છે,
ચહેરો પરખી લે છે આ નજરનો પ્રભાવ છે..

ચહેરા પર ઘુંઘટ છે,તો ક્યાંક ચહેરો છે નકાબમાં ,
સુંદર ચહેરાને ઢાંકી દો છો કેમ? એમ સવાલ છે જ જવાબમાં..

ચહેરાનો નૂર અને ચહેરા પર હોય તેજ,
ચહેરાની દુનિયામાં કોઈ ચહેરો છુપાવે સહેજ..

ચહેરાની સુંદરતા અને ચહેરા પર ચિંતા,
ચહેરાની રમતગમતમાં ચહેરો પણ મહોરો..

રંગ "કૌસુમી" ચડે તો જ ખીલે છે ચહેરો,
ચડે તારા પર રંગ, મારી પ્રીતનો બહુ ગહેરો..

સુરમી બધેકા કૌસુમી- મુંબઈ

### NG: NOG SS NO.:0101

વિષય: ચહેરાની પરિભાષા
શીર્ષક : હાવભાવ
પ્રકાર : લેખ શબ્દો: ૩૪૭

ચહેરાની ભાષા સંદેશા-વ્યવહારની શબ્દોના ઉપયોગ વગરની એક એવી અજોડ કેડી છે જે દ્વારા આપણે ચહેરાના હાવભાવથી આપણી જાતને વ્યક્ત કરીએ છીએ. આ વિકલ્પ બોલેલા શબ્દને બળવત્તર બનાવનારું હોઈ શકે અથવા આપણા મનોભાવને પ્રતિબિંબિત કરનારું કે ઢાંકનારું પણ હોઈ શકે.

મોટાભાગની અભિવ્યકિતની મૂળભૂત ચેષ્ટાઓ જગતભરમાં સમાન છે. જ્યારે લોકો મનોરંજન માણે છે કે ખુશી કે સુખ અનુભવે છે ત્યારે તેઓ હસે છે; જ્યારે દિલગીર થાય છે ત્યારે રડે છે અને જ્યારે ગુસ્સે થાય છે ત્યારે કરડી નજરે જુએ છે કે ભવાં ચડાવે છે. માથું નીચેની તરફ હલાવવું તે હકારાત્મકતા કે હા દર્શાવે છે. ના નું સૂચન વ્યકિત એક બાજુથી બીજી બાજુ માથું હલાવે ત્યારે થાય છે.

શરીરના કોઈપણ અન્ય ભાગ કરતાં જૂઠને ઢાંકવા ચહેરાનો ઉપયોગ થાય છે પરંતુ ચહેરા ઉપરના હાવભાવ અને શરીરની ચેષ્ટાઓ વચ્ચે સંવાદિતા જળવાતી નથી. ચહેરો ચાડી ખાઈ જાય છે.

સારી રીતે જૂઠું બોલવાવાળા રાજકારણી સાહેબ, ધારાશાસ્ત્રીઓ, અભિનેતાઓ વગેરે ચહેરાનો એટલી સુંદર રીતે, કૌશલ્યપૂર્વકની તરકીબો કે તરીકાઓનો ઉપયોગ કરીને વિકસાવેલી હોય છે કે તેઓ સીધો અને સ્પષ્ટ ચહેરો રાખી જૂઠું બોલી શકે છે અને બીજાઓને છેતરે છે. અથવા એકદમ લાગણીશીલ કે રડતો ચહેરો બનાવી પ્રજાને વશ કરે છે.

આ ચહેરો શરીરનો સૌથી વધુ અભિવ્યક્તિ સાધતો ભાગ છે. ચહેરાની સાર્વત્રિક છ અભિવ્યક્તિઓ છે: સુખ, દુ:ખ, આશ્ચર્ય, ભય, ક્રોધ અને તિરસ્કાર.

ચહેરાની અભિવ્યક્તિઓ:

સુખ વ્યક્ત કરતી વખતે ભમ્મરો નીચેની પાંપણો સહેજ ઊંચી ચડે છે. તેની નીચે કરચલીઓ દેખાય છે અને આંખો ઝીણી થાય છે. ગાલ ઊંચા થાય છે અને ઉપસી આવે છે. હોઠ છુટા પડે છે અને મોં લાંબુ થાય છે. કેટલીક વખત દાંત દેખાય છે.

દુ:ખ વ્યક્ત કરતી વખતે ભમ્મરનો અંદરનો છેડો ઊંચે ચડે, આંખો ચળકાટ બતાવે, આંસુ સાથે.

આશ્ચર્ય વ્યક્ત કરતી વખતે ભમ્મરો વાંકી વળીને ઉપરની બાજુએ જાય અને આંખો પહોળી થઈને ખૂલે.

ભય વ્યક્ત કરતી વખતે ઉપરની પાંપણો, આંખોની અંદરનો સફેદ ભાગ બતાવી ઊંચે ચડે અને નીચેની પાંપણો તંગ બને અને ઊંચે ચડે.

ક્રોધ વ્યક્ત કરતી વખતે ભમ્મરો અંદરની બાજુએ ખેંચાય અને ઉપરની તથા નીચેની પાંપણો નજીક આવે.

તિરસ્કાર વ્યક્ત કરતી વખતે નીચેની પાંપણો ઊંચે જાય અને તેની નીચે કરચલીઓ દેખાય.

આમ ચહેરો ભાષાની નિ:શબ્દ અભિવ્યક્તિનું સાધન છે.

ભરત સાંગાણી

### NG: વિષય :- ’ચહેરાની પરિભાષા’

શીર્ષક :- ‘પરિભાષા જુદી જુદી’
પ્રકાર :- પદ્ય, ગઝલ (શબ્દો :-૧૨૩)

શ્યામ હો કે શ્વેત હો, ચહેરાની પરિભાષા જુદી જુદી,
જેને માન્યા’તા સૌમ્ય ને શાંત, તે ખતરનાક નીકળે.

મુખવટો ઢાંકી ને સૌ ફરે છે, આ પથ્થરોના જંગલમાં,
જે નેતાને ઉધ્ધારક માન્યો, તે ભ્રષ્ટાચારી પણ નીકળે.

ફેસબુકના ચમકતા ચહેરા જોઈ, ગાઢ પ્રિત ન કરાય,
તું સમજીજા દોસ્ત, વિધર્મી લવ ઝેહાદી પણ નીકળે.

દરેક ચહેરાને ઓળખાવા, એટલા તો સહેલા નથી હોતા,
જેને દુશ્મન સમજી નફરત કરી, તે હિતેચ્છુ પણ નીકળે.

કળિયુગમાં ભગવા પેરી, ટીલા-ટપકા કરી સંત થઈ ફરે,
સિદ્ધ ગુરુ માનીલઈ દીક્ષાલે, પાક્કો પાખંડી પણ નીકળે.

હવે દરેક દેશના ચહેરા પણ, અલગ અલગ હોય શકે છે.
જેને દોસ્ત માની કરાર કર્યા, તે દેશ દગાબાજ પણ નીકળે.

સાખ્યતા તો એક શ્યામસુંદરની, ‘સ્વજન’ તું વિચારીજો,
દુ:ખના ખરા સમયે આ સુદામાનો, સાચો મદદગાર નીકળે.

(કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા “સ્વજન” જૂનાગઢ)

### NG: NOG SS NO . 401

વિષય: ચહેરા ની પરિભાષા
શીર્ષક : ના સમજી એણે
પ્રકાર : પદ્ય
શબ્દો : ૬૮

ગમતી હતી મને એના પ્રેમ ની અભિલાષા,
પણ એણે તો સમજી માત્ર ચહેરા ની પરિભાષા,
મન ના વાંચ્યું ને ના વાંચી એને આંખો ની ભાષા,
લગાવી હતી મેં જે પ્રિત એની જૂઠ્ઠી પડી આશા,
ના જોઈ એણે મારા હોઠો ની નિરાશા,
હસતો રાખેલો મે ચહેરો બસ એ જ જોયું,
ને ના સમજી એણે મારા મૌન ની ભાષા,
બસ એણે તો સમજી માત્ર મારા ચહેરા ની પરિભાષા.

" દેવપ્રિયા "
દેવ્યાનીબા પ્રિયજિતસિંહ ગોહિલ
( વરતેજ )

### NG: NOG SS NO - 162

વિષય- ચહેરાની પરિભાષા
શીષૅક- પ્રકાશ પાથરે દર્પણ
પ્રકાર- પધ , શબ્દ- ૮૦

ચહેરા ની પરિભાષા બતાવે દર્પણ
ચહેરા ના હાવભાવ બદલાય તુરંત મન બદલાય એજ ચહેરો પ્રકાશ પાથરી દે.
તમારી વાણી એ બતાવે તમારી ઓળખ વિચારો નો પડઘો પડે ત્યાં જ ચહેરાની પરિભાષા દેખાય છે દર્પણ મા.
તમારી દ્રષ્ટિ એ તમારા વ્યક્તિત્વ ના વિચારો નુ તેજ ,તમારું
હાસ્ય એ બનાવે આંખો થી હસતો ચહેરા ની પરિભાષા.
તમારો ભય એ બતાવે તમારા વિચારો નો કંપ તમારો કો?ધ એ વિચારો ની જ્વાળા દશ્યમાન ચહેરા ની પરિભાષા.
નમ્રતા એ તમારા વિચારો ની શોભા અને
દયા એ વિચારો ની ઉદારતા બતાવે ચહેરા ની પરિભાષા.
આપણી મનો વિધુતમા પ્રત્યેક પળે જે તરંગો ઉદભવે મગજ થી વિચારો નો બદલાવ ચહેરા પર પ્રકાશ પોથરે તમારી પરિભાષાપ
.. રેખા રસિક નાકરાણી મુંબઈ

# જગદીશ ત્રિવેદી જાદવજીબાપા મોજડીવાળાનાં નામની શાળા બનાવશે





જાણીતા હાસ્યકલાકાર અને સમાજસેવક ડો. જગદીશ ત્રિવેદી બોટાદ જીલ્લાના સાંજણાવદર ગામમાં ગઢડાનાં સમર્થ લોકકલાકાર જાદવજીબાપા મોજડીવાળાનાં નામની શાળા બનાવશે.

આજરોજ તા.૮/૧૦/૨૫ ના રોજ સાંજણાવદર ખાતે બોટાદ જીલ્લા શિક્ષણાધિકારી ડો. ભરતસિંહ વઢેર , તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અશોકસિંહ સોલંકી, બીઆરસી ગઢડા શ્રી રાજદીપસિંહ રાઓલ , શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સાંજણાવદર સરપંચ શ્રી જીતુભાઈ બારડ તથા ગામના આગેવાનો, શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં જગદીશ ત્રિવેદીએ પાર્વતીની મોજડી દ્વારા વિશ્વવિખ્યાત થયેલાં લોકકલાકાર શ્રી જાદવજીબાપા મોજડીવાળાનાં નામની શાળા બનાવી આપવાની જાહેરાત કરી હતી. જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા એમને મંજૂરીપત્ર અર્પણ કરવામાં આવ્યો હતો તથા બાંધકામ માટેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જાદવજીબાપાના સુપુત્ર અને જાણીતા હાસ્યકલાકાર શ્રી સુખદેવ ધામેલીયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને જીલ્લા શિક્ષણ વિભાગ - બોટાદ તથા સમગ્ર ધામેલીયા પરીવાર તેમજ ગ્રામજનોએ જગદીશ ત્રિવેદીનો આભાર માન્યો હતો.

# ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા શરદપૂર્ણિમા ગરબા મહોત્સવઃ ૨૦૨૫ નું ભવ્ય આયોજન થયું





કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના ઉપક્રમે ઉમિયા માતાજી સંસ્થાન સેક્ટર :૧૨ ગાંધીનગર ખાતે શરદ પૂર્ણિમાના ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. સાંસ્કૃતિક સમિતિ અને મહિલા સમિતિ દ્વારા યોજાયેલ આ ગરબા મહોત્સવમાં કડવા પાટીદાર સમાજના વિવિધ ગોળ -સમાજની બહેનો દ્વારા ૧૩ જેટલા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવેલ. વિશાળ સ્ટેજ ઉપર યોજાયેલ આ ગરબાને માણવા પંદરસો કરતાં પણ વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ ગરબા સ્પર્ધામાં એનાઉન્સર તરીકે શ્રી મનોજ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા . ગરબાના નિર્ણાયક તરીકે આશાબેન સરવૈયા, આરતી ભટ્ટ, અને કુંતલ નિમાવતએ સેવાઓ આપી હતી. આ ગરબા સ્પર્ધામાં ૧૩ જેટલી ટીમો માંથી વિજેતા થયેલી ટીમોમાં પ્રથમ ક્રમેઃ ૪૨/ ૮૪ કડવા પાટીદાર સમાજની બહેનો (માયાનું મંડાર માં જોગણી... ગરબો) દ્વિતીય ક્રમેઃ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજની બહેનો (દુધેતે ભરી તલાવડી... ગરબો)તૃતીય ક્રમેઃ ઝાલાવાડ ખાખરીયા કડવા પાટીદાર સમાજની બહેનો (ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યા... ગરબો). આ ત્રણ ટીમો વિજેતા થઈ હતી.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.